सत्यमेव जयते

દાખલ તારીખ : ૦૭.૦૧.૨૦૧૨
નિકાલ તારીખ : ૩૧.૧૨.૨૦૨૫
સમય અવધિ : વર્ષ માસ દિવસ

**અંકલેશ્વરના મહે.પ્રિન્સીપાલ સીનીયર સિવીલ જજ શ્રી,**
**વાય.એન.પટેલની કોર્ટમાં, મુ.અંકલેશ્વર.**

**રે.દિ.મુ.નં.૨/૨૦૧૨**
આંક :

વાદી :–

**સોમાભાઈ નારણભાઈ પટેલ**
રહે. ૧૨, શીવકૃપા રો હાઉસ, શ્રેયસ સીનેમા પાસે,
કલામંદિર પાસે, નડીયાદ.

**વિરુધ્ધ**

પ્રતિવાદીઓ :–

૧. **સ્વ.મહેશભાઈ નારણભાઈ પટેલના વારસદારો**

**૧/૧. ગીતાબેન યતીનભાઈ પટેલ**
**યતીનભાઈ મહેશભાઈ પટેલની વિધવા**
રહે. ઘર નં.૫૧, આત્મીય પાર્ક, મોજે ઉતરાણ, જી.સુરત.

**૧/૨. નયનાબેન મહેશભાઈ પટેલ**
**તે અશોકભાઈ રણછોડભાઈ પટેલની પત્નિ**
રહે.મોજે સીસોદરા, તા.નાંદોદ, જી.નર્મદા.

**૧/૩. હંસાબેન મહેશભાઈ પટેલ**
**તે અશોકભાઈ ચીમનભાઈ પટેલની પત્નિ**

રહે. મોજે સીસોદરા, તા.નાંદોદ, જી.નર્મદા.

**વિષય :- રૂા.૩૦૦/- ના આંકથી જાહેરાત તેમજ વિકલ્પે પાર્ટીશનનો દાવો.**

==========================================================

વાદીના વિ.વકીલ........................................................શ્રી કે.ઝેડ.મોદી

પ્રતિવાદીના વિ.વકીલ...................................................શ્રી એ.એચ.પંડયા

==========================================================

## :: ઠ રા વ ::

(૧) વાદીના દાવાની ટુંકમા હકીકત એવી છે કે, ''વાદી દાવા અરજીમા જણાવેલ ઠેકારણેરહી શિક્ષક તરીકે નોકરીમાંથી હાલ રીટાયર્ડ થયા છે. જયારે આ કામના પ્રતિવાદીઓ વાદીઓના સગા ભાઈ થાય છે. જીલ્લા ભરૂચના સબ જીલ્લા અંકલેશ્વરના મોજે ગામ જુના છાપરા તથા જુના છાપરા ગ્રામ પંચાયતની હદમા આવેલી ખેતી લાયક જમીન યાને કે મિલ્કત કે જેનો રેવન્યુ સર્વે નં.૧૭ થી આવેલ છે અને જેનો જુનો સર્વે નંબર ૧૫ હતો. જેની ચર્તુદિશા નીચે મુજબ છે.

પુર્વ:- સરકારી રસ્તો આવેલ છે.

પશ્ચિમ:- ખેતીની જમીન આવેલ છે.

ઉત્તર:- ડાહયાભાઈ રેવાદાસનુ ખેતર આવેલ છે.

દક્ષિણ:- સામોર ગામના ખેડુતની જમીન આવેલ છે.

ઉપરોકત મિલ્કત પ્રતિવાદીની સ્વપાર્જીત મિલ્કત નથી કેવાદીની પણ સ્વપાર્જીત મિલ્કત ન હતી પરંતુ આ દાવાવાળી મિલ્કત મરનાર ચંચળબેન નારણભાઈ રણછોડભાઈને તેમની હયાતીમા લુગડા પેટે અમઈદાસના વારસો તરફથી અડધી ઉપજ આપવાના હેતુથી એન્ટ્રી નં. ૪૭૧ થી પ્રાપ્ત થયેલ. આ દાવાવાળી મિલ્કત બાબત તેમજ અન્ય મિલ્કત બાબત તા.૦૪/૦૬/૧૯૯૦ ના રોજ એક રૂા.૧ ૦/- ના સ્ટેમ્પ પેપર ઉપર કરાર કરવામાં આવેલ. તે કરારમાં જણાવ્યા મુજબ

ચંચળબેનની હયાતી બાદ યાને અવસાન બાદ બંને ભાઈઓએ એટલે કે વાદી તેમજ પ્રતિવાદીનાએ સરખે હિસ્સે આ દાવાવાળી જમીન વહેંચી લેવાની છે અને ચંચળબેન ગુજરી જાય તેના મૃત્યુ બાદનો તમામ ખર્ચ યાને ઉત્તરક્રિયાનો તમામ ખર્ચ સરખે હિસ્સ ે કરવાનો છે તેવુ સ્પષ્ટપણે આ કરારમા જણાવવામા આવેલ છે. આ કરાર થયા બાદ વાદી તેમજ પ્રતિવાદી નં. ૧ ની માતા ચંચળબેન તા.૩૧/૧૦/૨૦૦૯ ના રોજ અવસાન પામેલ છે તે અવસાન પામતા કરારનો અમલ કરી વાદી તથા પ્રતિવાદીએ ચંચળબેનની તમામ ઉત્તર ક્રિયાઓ પ્રતિવાદીએ તથા અમો વાદીએ કરેલી. આ ઉત્તરક્રિયાઓ કર્યા બાદ તેમજ બંને પક્ષકારો હિન્દુ હોય અને પટેલ જ્ઞાતિના હોય તેમની જ્ઞાતિમાં તમામ જાતની ધાર્મિક વિધિઓ તેમજ અશુભ દુર કરી શુધ્ધ થયા બાદ આ દાવાવાળી મિલ્કતની સરખે ભાગે ભાગલા પાડવા માટે લગભગ ચંચળબેન તા.૩૧/૧૦/૨૦૦૯ ના રોજ ગુજરી ગયા બાદ અશુધ્ધિમાંથી શુધ્ધિકરણ કરી આ કરારનો અમલ કરવા અને દાવાવાળી મિલ્કતની વહેંચણી કરવા અને સરખા ભાગે ભાગલા પાડવા સંબંધી સને ૨૦૦૯ પુરો થયા બાદ લગભગ સને ૨૦૧૦ પછી વારંવાર પ્રતિવાદીને મૌખિક રીતે સગાઓ મારફતે કહેવડાવવા છતા કોઈ વહેંચણી કરતા નથી અને કરારનોઅમલ પ્રતિવાદી કરતા નથી અને પ્રતિવાદી એક યા બીજા કારણોસર તેમજ બહાના બતાવી સમય ખેંચતા ગયેલા અને પ્રતિવાદી અમારા સગાભાઈ થતા હોવાથી અમોએ આજે નહી તો કાલે પ્રતિવાદી કરારનો અમલ કરશે તેવુ માલુમ પડતા અને કોઈ દિવાની પ્રકરણ કરવુ ન પડે તે હેતુસર અમો વાદી બેસી રહેલા. તે બાદ અમો વાદી આખરે પ્રતિવાદીના વર્તનથી કંટાળીને આ દાવો કરવાના એક અઠવાડીયા પર થયેલ કરારનો અમલ કરવા અને સરખે ભાગે વહેંચી લેવા અને હિસ્સો પાડી કબજો સોંપવા માટે કહેવા છતા પ્રતિવાદી માનેલા નહી અને આ કરાર થયા પછી દાવાવાળી મિલ્કતની મુળ અજમાયશી કિંમત વર્ષો વર્ષ એટલે કે સને ૨૦૦૯ પછી વધતી ગયેલી તેથી પ્રતિવાદીની દાનત સરખે ભાગે હકક, હિસ્સો છુટો કરવા માંગતા નથી તેથી હાલનો દાવો કરવાની ફરજ પડેલ છે. વાદીએ દાવો કરી દાદ માંગેલ છે કે, (૧). આ કામના પ્રતિવાદી તા.૦૪/૦૬/૧૯૯૦ ના કરારનો અમલકરવા હકકદાર છે તેવુ જાહેર કરશોજી.(૨). આ

કામના પ્રતિવાદી તા.૦૪/૦૬/૧૯૯૦ ના કરાર મુજબ દાવાવાળી મિલ્કતનો સરખો હકક, હિસ્સો છુટો પાડી તે મુજબ પાર્ટીશન વાદી તેમજ પ્રતિવાદી વચ્ચે કરવા હકકદાર છે અને તે મુજબનુ પ્રાથમિક હુકમનામુ અમો વાદી તેમજ પ્રતિવાદી ના લાભમા કરી આપવા તેમજ તેનુ વિભાજન કરવા તેમજ તે મુજબનુ પાર્ટીશન યાને હકક, હિસ્સો છુટો પાડી વાદીને અમારા ભાગનો હકક, હિસ્સો છુટો પાડી તેનો કબજો અપાવવા પ્રાથમિક હુકમનામુ કરી આપશોજી. તે બાદ પ્રાથમિક હુકમનામુ કર્યા બાદ ફાઈનલ હુકમનામુ પણ અમો વાદીના લાભમા કરી આપશોજી. (૩). આ દાવાનો તમામ ખર્ચ પ્રતિવાદી પાસેથી અપાવશોજી. (૪). નામ.કોર્ટને બીજી કોઈ પણ યોગ્ય અને મુનાસીબ લાગે તેવી હરકોઈ દાદ આપવા અરજ ગુજારેલ છે.

(૨) સદર દાવાના કામના પ્રતિવાદીનાઓને નોટીસ તથા સમન્સ કાઢવામા આવેલ જે સમન્સ તથા નોટીસની બજવણી થતા પ્રતિવાદીઓએ મારા પુરોગામી વિ.જજશ્રી સમક્ષ હાજર થઈ **આંક– ૦૭** થી સુધારેલ વાદીની દાવા અરજી તથા મનાઈ અરજી નો લેખીત જવાબ રજુ રાખેલ છે તેમાં તેઓએ જણાવેલ છે કે, ''વાદીનો દાવો તદ્દન ખોટો હોય તે અમે કબુલ રાખતા નથી. વાદી ચોખ્ખા હાથે આવેલ નથી. વાદીના દાવાને ઓર્ડર–૨ રૂલ–૨ નો બાધ નડે છે કારણ કે આ અગાઉ વાદીએ આજ કોર્ટમા પ્રતિવાદી વિરૂધ્ધ રે.મુ.નં.૩૧૭/૨૦૦૬ થી જાથુનો મનાઈ હુકમ મેળવવા આજ દાવાવાળી જમીન માટે દાવો કર્યો છે. જે દાવાનુ કામ ચાલુ છે. વાદીએ જે દસ્તાવેજી પુરાવા પર આધાર રાખેલ છે તે દસ્તાવેજી પુરાવા બનાવટી અને તરકટી ઉભા કરેલ છે જેમ તેમણે મનસ્વી રીતે કેટલીક ઈબારતો પાછળથી એટલે કે, પ્રતિવાદીની પીઠ પાછળ લખી લીધી છે. વાદીએ કાયદા મુજબ કોર્ટ ફી સ્ટેમ્પ સદર દાદ નં. ૧ માટે પુરેપુરો ભર્યો ન હોય, દાવો રદ કરવો જોઈએ. વાદીએ દાવો તા.૦૮/૧૨/૨૦૧૧ ના રોજ દાખલ કરેલ છે જયારે કહેવાતો કરાર તા.૦૪/૦૬/૧૯૯૦ ના છે તેવુ વાદી જણાવે છે તે સંજોગોમાં તથા વાદી દાવાની દાદ નં. ૧ મા હકકની જાહેરાત પણ માંગતા હોઈ વાદીનો દાવો મુદૃત બહાર દાખલ થયેલ છે. જેથી વાદી દાવો લો ઓફ લીમીટેશન હેઠળ ૩ વર્ષની મુદૃતમા લાવેલ ન હોય દાવો

મુદૃત બહાર છે. વાદીએ કરાર બનાવટી અને તકરારી ઉભો કરેલ છે .દાવાના કામમા વાદીએ રજુ કરેલ લખાણ વાંચતા તેઓ નીચે મુજબના વાકય પાછળથી લખાવી દીધેલ છે. 'ચંચળબેનની જુના છાપરા, તા.અંકલેશ્વર ગામના સર્વે નં. ૧૭ વાળી જમીન તેમના અવસાન બાદ બંને ભાઈઓએ સરખે હિસ્સે વહેંચવાની રહેશે.'' આમ, વાદીએ ફોર્જડ ડોકયુમેન્ટ બનાવી કોર્ટના રેકર્ડમા મુકી ગુનાહિત કૃત્ય કરેલ છે. સદર કહેવાતો કરાર પુરતા સ્ટેમ્પ પેર ઉપર નથી તેનુ લખાણ વાંચતા ઈન્ડીયન રજીસ્ટ્રેશન એકટની કલમ– ૧૭ હેઠળ ફરજીયાત રજીસ્ટ્રેશનને પાત્ર છે એટલે નામ.ગુજરાત હાઈકોર્ટે ઠરાવ્યા મુજબ સદર કહેવાતો કરાર કોઈ પણ હેતુસર વંચાય નહી. સદર કરાર ઉપર ચંચળબેનની કે મારી સહી નથી. ચંચળબેનને સદર મિલ્કત તેમના સ્વ.પિતા વિઠૃલભાઈ તરફથી વારસ દિકરી તરીકે મળી હતી એટલે તેણી સદર જમીન બીજી મિલકતો સાથે એકલી વારસ હતી અને તેની ગેરહાજરીમાં અને સંમંતી વગર અને સહી વગર વાદી જણાવે છે તેવો કરાર લખી શકાય નહી. વધુમાં પ્રતિવાદીએ તેણીના જીવતા તેણીની સ ેવા ચાકરી, દવાદારૂ અને ભરણપોષણ કરેલ એટલુ જ નહી પરંતુ તેણીનુ મૃત્યુ થતા હું પ્ર તિવાદી એકલા એ જ તેણીની તમામ ઉત્તરક્રિયાનો ખર્ચ કરેલ છે અને અસ્થિ વીસર્જન પણ જુદી જુદી પવિત્ર નદીઓમા મારી દિકરા તરીકેની ફરજ સમજી કરેલ છે. વાદી વરસો પસાર થયા મારે ત્યાં કદી આવ્યા જ નથી અને મારી સાથે કોઈ સંબંધ રાખતો નથી. વાદીએ તદૃન ખોટુ કારણ, દાવો લાવવા ઉભુ કરેલ છે. ખરી હકીકતમા સ્વ.ચંચળબેન હું પ્રતિવાદી તેમજ વાદીના માતૃશ્રી થતા હતા અને તેણીના સ્વ.પિતા વિઠૃલભાઈને દિકરો નામે અમચાદસ અને દિકરી નામે ચંચળબેન હતા અને સદર જમીન અગાઉ અમચદાસના ખાતે હતી અને અમચદાસને સંતાનમાં કોઈ વારસ ન હતા અને તેમનુ અવસાન થતા તેમની પત્નિ ડાહીબેનના ખાતે વારસાઈથી થઈ હતી અને ત્યારે ડાહીબેન તેણીના બેનના દિકરા સોમાભાઈને દત્તવિધીથી દત્તક લીધેલ અને તે સમયે ડાહીબેન અને ચં ચળબેન વચ્ચે વાદ વિવાદ થતા સર્વે નં.૧૭ વાળી જમીન, સ્વ.ચંચળબેનના કબજે માલીકી હકકે વારસાઈ હકકથી આવેલ અને આશરે ૧૯૫ર થી ચંચળબેન સદર જમીન પોતાના પ્રત્યક્ષ કબજે રાખી ખેડી ખેડાવી તમામ ઉત્પન્ન લેતા હતા અને હું પ્ર

તિવાદીના સ્વ.પિતા નારણભાઈ સાથે રહેતા હતા. વાદી પ્રતિવાદીના પિતા નારણભાઈનુ અવસાન તા.૨૩/૧૧/૧૯૮૫ ના રોજ થયુ હતુ. મારી બા ચંચળબેન હું પ્ર તિવાદી સાથે રહેવા આવતા હુ તેમની સેવા ચાકરી, બરદાસ, સાજા માંદા દવા દારૂ કરતો હતો તથા સદર જમીન પ્રત્યક્ષ કબજો ધરાવી, ખેડી ઉત્પન્ન લેતો આવેલ છુ. આમ, હું પ્ર તિવાદીનો દાવાવાળી જમીન ઉપર ૧૨ વર્ષ ઉપરાંતના સમયથી માલીકી હકકે, વિકલ્પે એડવર્ઝ પઝેશન રૂએ પણ હું માલીક થયેલ છુ. તદૃઉપરાંત હું પ્રતિવાદીના માતૃશ્રી સ્વ.ચંચળબેન એટલે કે મારા માતૃશ્રીએ શરીર અને મનના સાવધપણામાં તા.૧ ૭/૧૧/૨૦૦૫ ના રોજ હું પ્રતિવાદીના લાભા બક્ષીસ દસ્તાવેજ જાતે લખાવી તે ઉપર જાતે સાક્ષીઓ રૂબરૂ સહીનો અંગુઠો પાડી તે ઓળખી બતાવ્યો છે અને સાક્ષીઓએ શાખામા સહીઓ પણ કરી છે અને સદર બક્ષીસ દસ્તાવેજ તા.૧ ૭/૧૧/૨૦૦૫ ના રોજ અંકલેશ્વરની રજીસ્ટર ઓફીસમા, રજીસ્ટર રૂબરૂ રજુ કરી તે રજીસ્ટર્ડ કરાવેલ છે. આમ, સ્વ.ચંચળબેને હું પ્રતિવાદીને, તેણીની શુઘ્ધબુધ્ધિપુર્વક બક્ષીસનો દસ્તાવેજ લખાવી સર્વે નં.૧૭ નો પ્રત્યક્ષ કબજો પણ માલીકી હકકે હું પ્ર તિવાદીને સોંપી માલીક બનાવેલ છે અને રેવન્યુ ખાતે પણ પ્રતિવાદીના કબજે બક્ષીસ લ ેખ રૂએ કબજેદાર માલીક તરીકે ખાતા નં.૮–અ મા નામ દાખલ થયેલ છે. અને હું સદર જમીન માલીકી હકકે ખેડુ છુ. એટલે ૭/૧૨ માં કબજેદારના કોલમમા, ખેડુતના કોલમમા મારુ નામ નોંધાય છે અને હું જાતે ખેતી કરતો હોવાથી રીત '૧' એમ ખેડનારના કોલમમા લખાય છે. હું પ્રતિવાદીને મારા માતૃશ્રીએ સદર જમીન રજીસ્ટર્ડ બક્ષીસ દસ્તાવેજથી આપી માલીક બનાવ્યાની હકીકત વાદી ખુદ જાણે છે તેમ છતા તેમણે મારી વિરૂઘ્ઘ તા.૧૭/૧૧/૨૦૦૫ સુઘીમા કોઈ પગલા ભર્યા ન હોઈ, વાદીની જાણમા માતૃશ્રીના બક્ષીસ દસ્તાવેજ રૂએ જમીન ખેડુ છુ તે જાણતા હોવા છતા તથા હાલના વાદીએ, હું પ્રતિવાદી વિરૂઘ્ઘ આજ કોર્ટમા મારા વિરૂઘ્ઘ રે.મુ.નં. ૩૧૭/૦૬ થી દાવો કર્યો છે તે દાવા વિરૂઘ્ઘના જવાબના પેરા ૪ મા મે સદર બક્ષીસ દસ્તાવેજનો ઉલ્લેખ કરી વિગતે જવાબ આપ્યો છે તેમ છતા પણ હું પ્રતિવાદી વિરૂઘ્ઘ કોઈ પગલા ભર્યા હોઈ તેમના તેવા વર્તનને હવે પુરાવાના કાયદાની કલમ– ૧૧૫ હેઠળ ''એસ્ટોપલ બાય

કોન્ડકટનો'' તથા ''વેવર''ના સિધ્ધાંતનો તેમજ ''એસ્ટોપલનો'' બાધ નડે છે. જેથી વાદીનો દાવો ખર્ચ સહીત રદ કરવા અરજ ગુજારેલ છે.''

**૩)** ઉપરોકત દાવાના નિર્ણય સારૂ મારા પુરોગામી ન્યાયાધીશશ્રીએ તા.૨૪/૦૮/૨૦૨૩ ના રોજ **આંક–૪૦** થી નીચે મુજબના મુદ્દા ઘડેલ છે.

**// મુદ્દા //**

૧. શું વાદી પુરવાર કરે છે કે, દાવાના પેરા– ૨ વાળી મિલ્કત બાબત તા.૦૪/૦૬/૧૯૯૦ ના રોજ કરાર કરવામાં આવેલ અને તે આધારે વાદીનો દાવા મિલ્કતમાં વાદી સાથે સરખો હિસ્સો છે?

૨. શુ વાદી પુરવાર કરે છે કે, તેઓએ દાવાવાળી મિલ્કતમાં પ્ર તિવાદીને સરખો હિસ્સો કરવાનુ કહેતા કરેલનથી અને તે રીતે કરારમા અમલ કરેલ નથી.

૩. શું વાદીના દાવાને સમય મર્યાદાનો બાધ નડે છે?

૪. શું પ્રતિવાદી પુરવાર કરે છે કે, તા.૦૪/૦૬/૧૯૯૦ ના કરારમાં વાદીએ સર્વે નં. ૧૭ વાળી જમીન બાબતનુ વાકય પાછળથી લખી દીધેલ છે?

૫. શું પ્રતિવાદી પુરવાર કરે છે કે, સ્વ.ચંચળબેને શરીર અને મનના સાવધપણામા સર્વે નં. ૧૭ બાબત પ્રતિવાદીને રજીસ્ટર રૂબરૂ તા.૧૭/૧૧/૨૦૦૫ ના રોજ બક્ષીસ દસ્તાવેજ કરી આપેલ છે?

૬. શું પ્રતિવાદી પુરવાર કરે છે કે, તેઓ ૧૨ વર્ષ ઉપરાંતના સમયમા દાવાવાળી જમીનના એડવર્સ પઝેશનની રૂએ પણ માલીક બનેલા છે?

૭. શું વાદી દાવાના પેરા– ૧૦ મુજબ દાદ મેળવવા હકકદાર છે?

૮. શુ હુકમ ?

**(૦૪)** ઉપરોકત દાવાના મારા નિર્ણયો નીચે મુજબ છે.

## //નિર્ણયો //

(૧). મુદ્દા નં. ૧:- હકારમાં

(૨) મુદ્દા નં. ૨ :- હકારમાં

(૩) મુદ્દા નં. ૩ :- નકારમાં

(૪) મુદ્દા નં. ૪ :- નકારમાં

(૫) મુદ્દા નં. ૫ :- નકારમાં

(૬) મુદ્દા નં. ૬:- નકારમાં

(૭) મુદ્દા નં. ૭ :- હકારમાં

(૮). મુદ્દા નં. ૮ :- આખરી હુકમ મુજબ.

**(૦૫)** સદર દાવાના કામે વાદી તર્ફે નીચે મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે.

### :: મૌખિક પુરાવો ::

| ક્રમ | આંક | સાહેદનું નામ |
|---|---|---|
| ૦૧ | ૨૪ | વાદી સોમાભાઈ નારણભાઈ પટેલની સોગંદ પરની જુબાની |
| ૦૨ | ૪૮ | સાહેદ રોહન સુરેશચંન્દ્ર જરીવાલાની સોગંદ પરની જુબાની |
| ૦૩ | ૫૧ | સાહેદ જીગ્નેશભાઈ ઠાકુરભાઈ વસાવાની સોગંદ પરની જુબાની |
| ૦૪ | ૭૧ | સાહેદ પ્રકાશભાઈ ભીખુભાઈ પટેલની સોગંદ પરની જુબાની |

### :: દસ્તાવેજી પુરાવો ::

| ક્રમ | આંક | પુરાવો |
|---|---|---|
| ૦૧ | ૪૯ | સામાન્ય સભામા થયેલ ઠરાવની નકલ |
| ૦૨ | ૫૦ | વડીલોપાર્જીત મિલ્કતનુ વહેંચણ કરારની નકલ |
| ૦૩ | ૫૩ | ગામ નમુના નં.૮-અ મોજે ગામ છાપરા ખાતા નં. ૧૧૧ ની નકલ |
| ૦૪ | ૭૩ | અનુક્રમ નં.૪૨૯૩ થી નોંધાયેલ બક્ષીસ દસ્તાવેજની નકલ |
| ૦૫ | ૮૧ | દાવાવાળી મિલ્કત ૧૯૫૧-૫૨ મા બાઈ ડાહી અમાઈદાસના નામે ચાલતી હોય તેની ૭/૧૨ ની નકલ |

| | | |
|---|---|---|
| ૦૬ | ૮૨ | સદર મિલ્કત વાદીના માતાના નામે ચાલતી હોય તેના ૭/૧૨ ની નકલ |
| ૦૭ | ૮૩ | રેવન્યુ રેકર્ડ પર ચાલતી હોય તેની ૭/૧૨ ની નકલ |
| ૦૮ | ૮૪ | ડાહી અમાઈદાસ તરફથી લુગડા પેટે આપેલ તે કરારની નકલ |
| ૦૯ | ૮૫ | વાદીએ રે.મુ.નં. ૩૧/૭૦૬ થી કરેલ દાવાની ખરી નકલ |
| ૧૦ | ૮૬ | દાવા સાથે મનાઈ અરજી આપેલ  તે તથા તેની નીચે થયેલ હુકમની નકલ |
| ૧૧ | ૮૭ | ડીલેકોન્ડન સાથે કરેલ અપીલ મેમાની નકલ |
| ૧૨ | ૮૮ | ડીલે કોન્ડન અરજી નમા.કોર્ટે નામંજુર કરેલ તેની નકલ |
| ૧૩ | ૮૯ | દેવજીભાઈ રણછોડભાઈ પટેલનાઓએ નોટરી રૂબરૂ કરેલ સોગંદનામુ |
| ૧૪ | ૯૦ | વાદીના માતા ગુજરી ગયા હોય તેના મરણના દાખલાની નકલ |
| ૧૫ | ૯૧ | પક્ષકારો વચ્ચે વહેંચણ કરાર તા.૦૪/૦૬/૧૯૯૦ ના રોજ થયેલ તેની નકલ |
| ૧૬ | ૯૨ | મામલતદારશ્રી વહેંચણનો કરાર રજુ થયેલ તેની નકલ |
| ૧૭ | ૯૩ | મુલદ ગ્રામ પંચાયતે તા.૩૦/૦૬/૧૯૯૮ ના રોજ કરેલ ઠરાવની નકલ |
| ૧૮ | ૯૫ | રે.મુ.નં.૩૧૭/૨૦૦૬ ના કામમા નામ.કોર્ટે કરેલ હુકમ તથા હુકમનામાની સર્ટીફાઈડ નકલ |

આ કામના વાદીએ આંક– ૫૬ થી પુરાવા બંધ પૂરસીસ આપેલ છે.

(૦૬) પ્રતિવાદીઓ તરફે સદર દાવાના કામે નીચે મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવામા આવેલ છે.

**:: દસ્તાવેજી પુરાવો ::**

| ક્રમ | આંક | પુરાવો |
|---|---|---|
| ૦૧ | ૬૪ | તા.૧૨/૧૧/૨૦૦૯ ની ઉત્તરક્રિયામા આવેલ વહેવારની યાદી |
| ૦૨ | ૬૫ | મામલતદાર, અંકલેશ્વર તરફથી આપવામા આવેલ પ્રમાણપત્ર |
| ૦૩ | ૬૬ | અનુક્રમ નં. ૩૨૫, ગામ નમુના નં. ૬ (હક પત્રક) તા.૨૦/૧૦/૨૦૨૪ |
| ૦૪ | ૬૭ | અનુક્રમ નં. ૪૭૧, ગામ નમુના નં. ૬ (હક પત્રક) તા.૭ ઓકટો. ૨૦૦૫ |
| ૦૫ | ૬૮ | નોંધ નં. ૪૨૦, ગામ નમુના નં. ૬ (હક પત્રક) તા.૨૯/૧૦/૨૦૧૦ |

## // કારણો //

## (૦૭). મુદ્દાઓની ચર્ચા.

**૭.૧.** મારા ઉપરોકત મુદાના જવાબ ના કારણોની ચર્ચા નીચે મુજબ કરવામાં આવેલ છે.

આ કામે મુદા નં. ૧ થી ૭ ના મુદાઓની ચર્ચા હકીકતો અને પુરાવાઓનું પુનારાવર્તન ટાળવા માટે મુદા નં. ૧ થી ૭ ના મુદાઓની ચર્ચા એક સાથે કરવામાં આવેલ છે. આ કામે વાદીના વિ. વ. શ્રીએ તેમની દલીલમાં જણાવેલ છે કે વાદી અને પ્રતીવાદી સગા ભાઈઓ છે. વડીલોની મીલ્કત છાપરા ગામમાં સર્વેનં. ૧૭ જુનો સર્વેનં ૧૫ થી આવેલ છે. મુળ માલીક ચંચળબેન નારણભાઈ રણછોડભાઈ પક્ષકારોની માતા છે. લુગડા પેટે ચંચળબેનના ભાઈએ ચંચળબેનને જમીન આપેલી ત્યારથી ચંચળબેન કબજેદાર થયેલા પક્ષકારોની વડીલાપાર્જિત મિલ્કતની વહેંચણી કરેલ અને રેવન્યુ રેકર્ડમાં નામ ચઢાવેલ. ચંચળબેનને જે મિલ્કત મળેલ તેના અનુસંધાને વડીલાપાર્જિત મીલ્કતનો તા. ૪/૬/૯૦ ના રોજ વહેંચણી કરાર કરી નાંખેલ. આ મિલ્કત ચંચળબેન હયાત ન હોય ત્યારે વહેંચી દેવાની હતી. ચંચળબેન તા. ૩૧/૧૦/૦૯ ના રોજ ગુજરી ગયેલ છે. મીલ્કત પક્ષકારોના નામે આવેલ. પ્રતીવાદીએ ચંચળબેન પાસે રજી. બક્ષીસ લેખ સબ રજીસ્ટ્રાર અંકલેશ્વર ખાતે કરાવી લીધેલ. જેને રે.દી.મુ. નં. ૩૧૭/૨૦૦૬ થી ચેલેન્જ કરેલ. તા. ૧૪/૮/૨૦૨૪ ના રોજ વાદીનો દાવો મં જુર કરી બક્ષીસ લેખ રદ કરેલો. વાદીના કહેવા મુજબ આ મીલ્કતમાં અડધો ભાગ વાદીનો થાય છે. પ્રતીવાદીએ આંક–૭ થી જવાબ રજુ કરેલ છે. જેમાં મુખ્યત્વે સમય મર્યાદાના કાયદાનો બાધ નડે છે. તેમજ વધુ તકરાર કરેલ છે કે તા. ૪/૬/૯૦ ના કરારમાં માતાની કોઈ સહી નથી. આંક –૨૪ થી વાદીની સરતપાસ અને તેની ઉલટ તપાસ ધ્યાને લેવા અરજ કરેલ છે. આંક–૪૮ થી રોહન સુરેશચંદ્ર જરીવાલા તલાટી કમ મંત્રી મુલદ ગ્રામ પંચાયતને તપાસવામાં આવેલ છે. તેમાં મીલ્કત કોના નામે અને કેવી રીતે આવી તે હકીકત જણાવેલ છે. આંક– ૫૦ થી તા. ૪/૬/૯૦ નો કરાર થયેલ છે તેના અનુસંધાને મીલ્કત ટ્રાન્સફર થઈ તેનો કરાર રજુ કરેલ છે. આંક–૫૨ થી ૭/૧૨ નો ઉતારો રજુ થયેલ છે તેમા પ્રતિવાદીનુ નામ બક્ષીસ લેખના આધારે ચઢેલ છે. આંક– ૫૧ થી વાદી તરફે જીગ્નેશભાઈ ઠાકોરભાઈ વસાવાને તપાસેલ છે અને દસ્તાવેજો રજુ કરેલ છે.

આંક– ૬૧ થી પ્રતિવાદીએ પુરાવો રજુ કરેલ છે તેમા બક્ષીસ લેખથી મિલ્કત મળેલાની હકીકત જણાવેલ છે. આંક– ૫૦ થી વહેંચણી કરાર થયેલ છે. વધુમાં વાદીએ જણાવેલ છે કે, હાલના કેસને સી.પી.સી. ઓર્ડર–૨ રૂલ– ૨ નો કોઈ બાધ નડતો નથી. આ તમામ સંજોગો ધ્યાને લઈ વાદીનો દાવો મંજુર કરવા અરજ કરેલ છે.

આ કામે પ્રતીવાદીના વિ.વ.શ્રી. એ આંક–૯૪ થી લેખિત દલીલો રજુ કરેલ છે તેમાં તેઓએ જણાવેલ છે કે, દાવાવાળી મિલ્કતના મુળ માલીક ડાહીબેન હતા. તેમને કોઈ સંતતી ન હોવાથી તેમની નણંદને આ મિલ્કતને જીવતા જીવ લખી આપેલ અને તેની નોંધના કાગળો મળતા નથી. વાદીએ ૩૧૭/૨૦૦૬ નો દાવો કરેલ તે દાવાની સામે ડીસ્ટ્રીકટ કોર્ટમા અપીલ કરેલ છે. જે હાલમા પેન્ડીંગ છે. વાદીના દાવાને રેસજયુડીકેટાનો બાધ નડે છે. અમો પ્રતિવાદી નોંધ નં. ૩૪૪ પડી ત્યારથી કબજો ભોગવટો ધરાવીએ છીએ. દાવાવાળી મિલ્કતની કિંમત એકરના ૧૦ લાખ ઉપર થાય છે. જેથી વાદીએ દાવાની કિંમત ખોટી દર્શાવેલ છે. વાદી કોઈ દાદ મેળવવા હકકદાર નથી તેમજ વાદીએ હાલનો દાવો પુરતા આંકથી દાખલ કરેલ નથી તેમજ વહેચણી કરારમાં માતૃશ્રીની મિલ્કતની વહેંચણીની હકીકતના અક્ષરો પાછળથી ઉમેરી ઉભા કરેલ છે. વાદીના દાવાને સમય મર્યાદાનો બાધ નડે છે. કહેવાતો કરાર કોઈ અધિકારી સમક્ષ થયેલ નથી કે રજીસ્ટર્ડ કરેલ નથી તેમજ આ કરાર અસલ રજુ થયેલ નથી. જેથી તેને ધ્યાને લઈ શકાય નહી. પ્રતિવાદીનો કબજો વર્ષોથી ચાલી આવેલાનુ રેકર્ડ પરથી સ્પષ્ટ થાય છે. આંક– ૫૦ ના કરારને દાવાવાળી મિલ્કત સાથે કોઈ લેવા દેવા નથી કારણ કે તે દિવસે મિલ્કત મારી માતાના નામે હતી નહી. આ તમામ સંજોગો ધ્યાને લઈ વાદીનો દાવો ખર્ચ સહતી રદ કરવા અરજ કરેલ છે. પ્રતીવાદીના વકીલે વધુમાં જણાવેલ છે કે ૨૦૦૬નો કેસ પેન્ડીંગ હતો હમણાં જ હુકમ થયેલ છે. હાલનો દાવો પછી દાખલ થયેલ છે. જેથી હાલના દાવાને તે હુકમ અસર કરતો નથી.

**૭.૨.** આ કામે વાદીની સોગંદ ઉપરની સરતપાસ સી. પી. સી. ઓર્ડર ૧૮ રૂલ ૪ મુજબ આંક–૨૪ થી સોમાભાઈ નારણભાઈ પટેલ નુ સોગંદનામુ રજુ થયેલ છે તેમાં તેઓએ તેમની દાવા અરજી માં જે હકીકતો જણાવેલ છે તે જ હકીકતો પુરાવાના સોગંદનામામાં જણાવેલ છે.

આ શાહેદે તેની ઉલટ તપાસમાં જણાવેલ છે કે મારી માતાનો કબજો સને ૧૯૫૨થી હતો. એ વાત ખરી છે કે હાલનો દાવો તથા રે.દી.મુ. નં. ૩૧૭/૨૦૦૬ સીવાય અન્ય કોઈ દાવો ચાલતો નથી. એ વાત ખરી છે કે મારી માતા એ બક્ષીસ લેખ થી દાવાવાળી મીલ્કત પ્રતીવાદી નં .૧ ને લખી આપેલ શાહેદ જણાવે છે કે મારી માતા ને બક્ષીસ કરવાનો કોઈ હકક કે અધિકાર હતો નહી. એ વાત ખરી છે કે દાવાવાળી મીલ્કતમાં કબજેદાર તરીકે મારી માતાનું નામ ચાલે છે. એ વાત ખરી છે કે દાવાવાળી મીલ્કતમાં કબજેદાર તરીકે મારુ નામ નથી શાહેદ જણાવે છે કે કોટું બીક વહેંચણીના આધારે અમારા ભાગે આવેલી. એ વાત ખરી છે કે દાવાવાળી મીલ્કતનો કબજો મેળવવા સદર દાવામાં કોઈ દાદ માંગેલ નથી. એ વાત ખરી છે કે દાવાવાળી મીલ્કત સીવાયની જમીન તથા મકાનોની મારા તથા પ્રતીવાદીની વચ્ચે વહેંચણી થયેલ છે. આ શાહેદને સુચક પ્ર શ્નો પુછવામાં આવેલ તેનો તેણે ઈન્કાર કરેલ છે.

**૭.૩.** વાદી તરફે આંક–૫૧ થી જીગ્નેશભાઈ ઠાકુરભાઈ વસાવાને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે તેઓએ તેમની સરતપાસમાં જણાવેલ છે કે દાવાવાળી મીલ્કતના ૭/૧ ૨ ના ઉતારા તેમજ નોંધ નં. ૩૪૪ તથા નોંધ નં. ૪૨૦ ની ખરી નકલો તેમજ અન્ય દસ્તાવેજનુ રેકર્ડ રજુ કરેલ છે તેને સંયુકત આંક– ૫૪ તથા ૫૫ આપવામાં આવેલ છે. આ કામે આ શાહેદ ની ઉલટ તપાસ પ્રતીવાદી તરફથી થયેલ નથી.

**૭.૪.** પ્રતીવાદી તરફે સોગંદ ઉપરની સરતપાસ સી. પી. સી. ઓર્ડર ૧૮ રૂલ ૪ મુજબ આંક–૬૨ થી મહેશભાઈ નારણભાઈ પટેલ નુ સોગંદનામુ રજુ થયેલ છે તેમાં તેઓએ તેમના જવાબ માં જે હકીકતો જણાવેલ છે તે જ હકીકતો પુરાવાના સોગંદનામામાં જણાવેલ છે. આ શાહેદે તેની ઉલટ તપાસમાં જણાવેલ છે કે, એ વાત ખરી છે કે વાદી મારા મોટા ભાઈ થાય છે તે સીવાય બીજા કોઈ મારા ભાઈ નથી. મારે ૪ બહેનો છે. વડીલોપાર્જિતમાં મને ચોકકસ યાદ નથી પરંતુ આશરે ૧૦ થી ૧૫ વીઘા જમીન હશે. એ વાત ખરી છે કે મારે હિસ્સે આવેલ મીલ્કતો વડીલોપાર્જિત મીલ્કતો છે. એ વાત ખરી છે કે મારા જીવનકાળ દરમ્યાન કોઈ મીલ્કત મે વેચાણ થી લીધેલ હોય તેવું બનેલ નથી. એ વાત ખરી છે કે મારા હિસ્સે આવેલ તેવી મીલ્કત મારા

ભાઈ સોમાભાઈના હિસ્સે આવેલ છે. એ વાત ખરી છે કે વડીલોપાર્જિત મીલ્કતો બંન્ને ભાઈઓ વચ્ચે કૌટુંબિક વહેંચણ કરારના આધારે આવેલી અને તે મુજબ રેવન્યુ રેકર્ડમાં નોંધ કરાવેલ છે. મે મારું સરતપાસનું સોગંદનામુ વાંચેલ છે. એ વાત ખરી છે કે આંક–૬૨ના પ્રથમ લાઈનમાં મારુ નામ વાદી તરીકે જણાવેલ છે. એ વાત ખરી છે કે મારી અને મારા ભાઈઓ વચ્ચે મીલ્કત સંબંધે ઘણાં કોર્ટ કેસ થયેલ છે. એ વાત ખરી છે કે મારુ મૂળ વતન મુલુંદ છે. એ વાત ખરી નથી કે મારી માતાની અંતિમ વિધિ મુલંદ મુકામે કરેલ નથી. આ શાહેદ ને સૂચક પ્રશ્નો પૂછવામાં આવેલ છે તેનો તેઓએ ઈન્કાર કરેલ છે.

**૭.૫.** આ કામે પ્રતીવાદીના સાહેદ પ્રકાશભાઈ ભીખુભાઈ પટેલ ને સોગંદ ઉપર તપાસેલ છે તેઓએ તેની સરતપાસમાં જણાવેલ છે કે આંક–૭૨ વાળા લીસ્ટનો કાગળ અનુક્રમ નં. ૪૨૯૩ થી અમારી ઓફીસમાં નોંધાવવા માટે ચંચળબેન નારણ રણછોડની ઘણીયાણી અને મહેશભાઈ નારણભાઈ પટેલ નાઓ આવેલ હતા. જે દસ્તાવેજ અમારી કચેરીમાં જે તે વખતના સબ રજીસ્ટ્રાર રૂબરૂ નોંધાયેલ હતો. આ શાહેદે તેની ઉલટ તપાસમાં જણાવેલ છે કે આંક–૭૩ વાળો દસ્તાવેજ મારી રૂબરૂ રજીસ્ટર થયો હોય કેપક્ષકારો મારી રૂબરૂ હાજર થયેલ હોય તેવું બનેલ નથી.

**(૮).** આ કામે વાદીએ આંક–૮૪ થી રજુ કરેલ કરાર ઘ્યાને લઈએ તો તે કરાર મુજબ પક્ષકારોની માતાને દાવાવાળી જમીન લુગડા પેટે મળેલ છે તેવુ નકકી થાય છે અને આ જમીન ના માલીક ચંચળબેન બનતા નથી. આ કામે વાદીએ આંક–૯૧ થી રજુ થયેલ કરાર ઘ્યાને લઈએ તો તે કરાર મુજબ દાવાવાળી જમીન વાદી અને પ્રતીવાદીએ તેમની માતા ચંચળબેન હયાત ન હોય ત્યારે તેમનો ક્રિયા તેમજ દવા દારૂનો ખર્ચ સરખે હિસ્સે કરવાનો અને આ જમીન સરખે હિસ્સે વહેંચી લેવાની તેવુ સ્પષ્ટ લખેલ છે અને તે કરારમાં વાદી અને પ્રતીવાદી બંન્નેની સહીઓ થયેલી છે. તેમજ આંક–૮૯ થી દેવજીભાઈ રણછોડભાઈ પટેલ નું સોગંદનામુ રજુ થયેલ છે તેઓએ આંક–૯૧ વાળા કરારમાં સાક્ષી તરીકે સહી કરેલ છે અને આંક–૮૯ માં તેઓએ જણાવેલ છે કે તેઓ પક્ષકારો અને તેની માતાને ઓળખે છે. તેમજ

ચંચળબેન દાવાવાળી જમીન ના માલીક નથી. તેમજ ચંચળબેનની ઉંમર થતા તેમના દીકરાઓ દાવાવાળી જમીન ખેડતા આવેલ છે તેમજ બીજા પાસે પણ ખેતી કરાવતા હતા. નારણભાઈ ગુજરી જતા તેમની મીલ્કતોની વહેંચણી કરવા મુલદ મુકામે પ્રતીવાદીના ઘરે બધા ભેગા થયેલા ઘર ખાનગી અંદરો અંદર એક બીજાની સમજુતી અન્વયે વેહેચાણ કરેલી જે બાબતે તા. ૪/૬/૯૦ ના તે મતલબનો કરાર કરવામાં આવેલ અને તેમાં પક્ષકારોના પિતાની મીલ્કતની વહેંચણી કરવામાં આવેલ અને સર્વેનં. ૧૭ વાળી જમીન ચંચળબેનના અવસાન બાદ બંન્ને ભાઈઓએ સરખે હિસ્સે લેવાની રહેશે. આ લખાણમાં શાક્ષી તરીકે હુ, દેસાઈ કાન્તીભાઈ અ(અમાઈદાસ), જેન્તીભાઈ હીરાભાઈ પટેલ, કરશનભાઈ રણછોડભાઈ પટેલ , ખુશાલભાઈ દાદાભાઈ પટેલનાઓ હાજર હતા. મહેશભાઈએ તેમની માતાનો દુરઉપયોગ કરી અને ગેરકાયદેસર રીતે તા. ૧૭/૧૧/૦૫ ના રોજ એક કહેવાતો બક્ષીસ દસ્તાવેજ કરાવી લીધેલ જે બાબતે ચંચળબેન આ જમીનના માલીક નથી અને તેઓને કોઈપણ રીતે માલીકી હકક આપેલ નથી. તેમજ પ્રતીવાદી એવુ જણાવે છે કે પાછળથી કરારમાં ઉમેરી દીધેલ છે તો તે બાબતે પ્રતીવાદીએ તા. ૪/૬/૯૦ ના કરારના અનુસંધાને કોઈ શાહેદને તપાસેલ નથી કે કોઈ શાહેદનું વાદીએ રજુ કરેલ છે તવુ સોગંદનામુ રજુ કરેલ નથી. તેમજ વાદીએ ૩૧૭/૦૬ નો દાવો દાખલ કરેલ તે દાવો વાદીનો મંજુર થયેલ છે અને તે બક્ષીસ દસ્તાવેજ ગેરકાયદેસર ઠરાવેલ છે. તેમજ વાદીએ તેની દાવા અરજી માં તેમજ પુરાવા ના સોગંદનામાં જણાવેલ છેકે અમારી માતાના અવસાન બાદ પ્રતીવાદીને દાવાવાળી મીલ્કતન સરખો હિસ્સો કરી વહેંચણી કરવા અને સરખા ભાગે ભાગલા પાડવા સંબંધી સને ૨૦૦૯ પુરો થયા બાદ લગભગ સને ૨૦૧૦ પછી વારંવાર મૌખિક રીતે સગાઓ મારફતે કહેવડાવવા છતાં કોઈ વહેંચણી કરતા નથી અને કરાર નો અમલ પ્રતીવાદી કરતાં નથી અને એક યા બીજા કારણોસર તેમજ બહાના બતાવી સમય ખેંચતા ગયેલા તેમજ પ્રતીવાદી અમારા સગા ભાઈ થતાં હોય આજે નહી તો કાલે પ્રતીવાદી કરાર નો અમલ કરશે તેવુ માલુમ પડતા અને કોઈ દીવાની પ્રકરણ કરવું ન પડે તે હેતુસર અમો વાદી બેસી રહેલા. તેમજ આ કામે પ્રતીવાદીએ દલીલમાં જણોલ છે કે વાદીના દાવાને સી. પી. સી. ઓર્ડર ૨ રૂલ ૨ નો બાધ નડે છે જેથી વાદીનો દાવો રદ થવાને પાત્ર છે. પરંતુ આ કામે વાદીએ રે.દી.મુ. નં. ૩૧૭/૦૬ નો દાવો પ્રતીવાદીના

નામે રેવન્યુ રેકર્ડમાં નોંધ પડેલ અને તપાસ કરતા બક્ષીસ લેખ થયાની ખબર પડી ત્યારે બક્ષીસ લેખ રદ ઠરાવવાનો દાવો દાખલ કરેલ હતો. તેમજ હાલનો દાવો પક્ષકારો વચ્ચે તા. ૪/૬/૯૦ ના રોજ કરાર કરવામાં આવેલ અને તે કરાર ની શરતો મુજબ દાવાવાળી ખેતીની જમીન પક્ષકારોની માતાનું અવસાન થાય ત્યાર બાદ બંન્ને ભાઈઓએ અડધી અડધસ વહેંચી લેવાની હતી. ચંચળબેન નું અવસાન સને ૨૦૦૯ માં થયેલ અને ત્યાર બાદ મીલ્કતની વહેંચણી કરવાની હતી અને તેઓની માતાનું અવસાન થયા બાદ વહેંચણી કરી આપવાનું વાદીએ કહેતા કહેવડાવતા ના કરી આપેલ જેથી વાદીએ ભાગ મેળવવા દાવો કરેલ છે. આમ બંન્ને દાવાઓ દાખલ કરવાનું કારણ અલગ અલગ હોય આ દાવાને સી. પી. સી. ઓર્ડર ૨ રૂલ ૨ નો બાધ નડતો નથી. આ તમામ સંજોગો જોતા વાદી નો દાવાવાળી મીલ્કતમાં નીચે નું કહેવા છતાં કરી આપતા નથી જેથી આ કામે વાદીએ મુદાનં. ૧ અને મુદા નં. ૨ ની હકીકતો પુરવાર કરેલ હોય મુદા નં૧ અને ૨ નો જવાબ હકારમાં આપુ છુ.

**૮.૧.** આ કામે ઉપર મુદા નં. ૧ અને ૨ ના મુદાની ચર્ચા કર્યા મુજબ તેમજ આ કામે પક્ષકારોની માતા ચંચળબેનનું અવસાન તા. ૩૧/૧૦/૨૦૦૯ ના રોજ થયેલ છે અને વાદીએ હાલનો દાવો તા. ૭/૧/૨૦૧૨ ના રોજ દાખલ કરેલ છે.આ કામે પક્ષકારો વચ્ચે તા. ૪/૬/૯૦ ના રોજ થયેલ કરાર જે આ કામે આંક– ૯૧ થી રજુ થયેલ છે તેની શરતો જોઈએ તો તેમાં સ્પષ્ટ લખેલ છે કે ચંચળબેન એટલે કે પક્ષકારોની માતાનું અવસાન થાય ત્યારબાદ દાવાવાળી મીલ્કતની વહેંચણી સરખે હિસ્સે કરવાની હતી. આમ ચંચળબેનનુ અવસાન થયા બાદ વાદીએ હાલનો દાવો પાર્ટીશનનો હોય ૧૨ વર્ષ ની અંદર કરવાનો હોય તે કરી દીધેલ છે જેથી વાદીના દાવાને કોઈ સમય મર્યાદાના કાયદાનો બાધ નડતો નથી. જેથી મુદા નં. ૩ નો જવાબ નકારમાં આપવામાં આવેલ છે.

**૮.૨.** આ કામે ઉપરોકત મુદા નં. ૧ થી ૩ ની ચર્ચા કર્યા મુજબ તેમજ આ કામે જો પ્ર તીવાદી એવુ કહેતા હોય કે તા. ૪/૬/૯૦ ના કરારમાં વાદીએ સર્વેનં. ૧૭ વાળી જમીન બાબતનું વાકય પાછળથી ઉમેરી દીધેલ છે. તો તેના અનુસંધાને પ્રતીવાદીએ તા. ૪/૬/૯૦ ના કરારમાં જણાવેલ શાહેદો પૈકી કોઈ શાહેદ ને સોગંદ ઉપર તપાસેલ નથી કે કોઈ શાહેદનું એવુ સોગંદનામુ રજુકરેલ નથી કે તા. ૪/૬/૯૦ ના કરારમાં વાદીએ સર્વેનં. ૧૭ વાળી જમીન

બાબતનું વાકય પાછળથી ઉમેરી દીધેલ છે. તેમજ વાકય પાછળથી ઉમેરી દીધેલ હોય તેના અનુસુધાને પ્રતીવાદીએ આ કામના વાદીની સામે કે આંક–૯૧ થી રજુ થયેલ કરારના કોઈ શાહેદ ની સામે કોઈ પોલીસ ફરીયાદ કે કોર્ટમાં કોઈ ફરીયાદ દાખલ કરી હોય કે કોઈ પગલા લીધેલ હોય તેવો કોઈ પુરાવો રજુ કરેલ નથી. તે ઉપરાંત વાદીએ આંક–૮૯ થી દેવજીભાઈ રણછોડભાઈ નું નોટરી રૂબરૂ નું સોગંદનામુ રજુ કરેલ છે અને જણાવેલ છે કે આંક –૯૧ મુજબ વાદી અને પ્રતીવાદી વચ્ચે કરાર થયેલ છે. આમ પ્રતીવાદી મુદા નં. ૪ ની હકીકત પુરવાર કરી શકેલ ન હોય મુદા નં. ૪ નો જવાબ નકારમાં આપુ છુ.

૮.૩. આ કામે ઉપરોકત મુદા નં. ૧ થી ૪ ની ચર્ચા કર્યા મુજબ તેમજ આ કામે પ્ર તીવાદીએ આંક–૭૩ થી બક્ષીસ લેખ રજુ કરેલ છે. જે જોતા ચંચળબેને તેમના શરીરના અને મનનાં સાવધાનપણામાં સર્વેનં. ૧૭ વાળી જમીનનો બક્ષીસ લેખ તા. ૧૭/૧૧/૨૦૦૫ ના રોજ રજીસ્ટ્રાર રુબરુ કરી આપેલ છે. પરંતુ આ કામે વાદીએ આ દસ્તાવેજ રદ ઠરાવવાનો રે.દી.મુ. નં. ૩૧૭/૦૬ થી દાખલ કરેલ અને તે દસ્તાવેજ રદ ઠરાવવાનો હુકમ થઈ ગયેલ છે અને તે હુકમની સામે પ્રતીવાદીએ અંકલેશ્વરની ડીસ્ટ્રીકટ કોર્ટમાં અપીલ કરેલ છે. વધુમાં જયારે ચંચળબેન વાદ ગ્રસ્ત મીલ્કતના માલીક જ ન હોય તેવુ આ કામે વાદીએ આંક–૮૪ નો કરાર ચંચળબેને કરી આપેલ છે તે તેમજ આંક–૮૯ થી દેવજીભાઈ રણછોડભાઈ પટેલના સોગં દનામા ઉપરથી ફલીત થાય છે. તેમજ ચંચળબેન માલીક જ ન હોય તેવા સંજોગોમાં જો ચંચળબેને તન મનના સાવધાનીપણામાં બક્ષીસ લેખ કરી આપેલ હોય તો પણ તે નીરર્થક છે. જેથી મુદા નં. ૫ નો જવાબ નકારમાં આપુ છુ.

૮.૪. આ કામે ઉપરોકત મુદા નં. ૧ થી ૫ ના મુદાની ચર્ચા કર્યા મુજબ તેમજ જયારે પક્ષકારોની માતા ચંચળબેન હયાત હતા અને તેઓ તા.૩૧/૧૦/૦૯ ના રોજ અવસાન પામેલ છે જેનો મરણનો દાખલો આ કામે આંક–૯૦ થી રજુ થયેલ છે. જે જોતાં તા.૩૧/૧૦/૦૯ સુધી તો વાદ ગ્રસ્ત મીલ્કતનો કબજો ચંચળબેનનો હોવાનું માની શકાય તેમ છે. તેમજ આ કામે આંક–૯૧ થી પક્ષકારો વચ્ચે તા.૪/૬/૯૦ ના રોજ થયેલ કરાર જોતા તેમાં સ્પષ્ટ લખેલ છે કે, ચંચળબેનના અવસાન બાદ દાવાવાળી મીલ્કત બંન્ને પક્ષકારોએ અડધી અડધી વહેંચી લેવાની હતી. આમ દાવાવાળી મીલ્કત ઉપર પ્રતીવાદીનો સતત ૧૨ વર્ષથી

કોઈની કોઈ પણ જાતની રોક ટોક વગર મીલ્કતના ખરા માલીકની જાણ માં હોવાની હકીકત માની શકાય નહી જેથી પ્રતીવાદી મુદા નં. ૬ ની હકીકત પુરવાર કરવામાં નિષ્ફળ નીવડેલ હોય મુદા નં. ૬ નો જવાબ નકારમાં આપુ છુ.

(૯). આ કામે જયારે વાદીએ મુદા નં. ૧ અને ૨ ની હકીકતો પુરવાર કરેલ હોય અને જયારે પ્રતીવાદી મુદા નં. ૩ થી ૬ ના મુદાની હકીકતો સાબીત કરવામાં નિષ્ફળ નીવડેલ હોય તેવા સંજોગોમાં વાદી દાવામાં માંગ્યા મુજબની દાદ મેળવવા હકકદાર બનતા હોય તેવું પુરવાર થતું હોય મુદા નં. ૭ નો જવાબ હકારમાં આપી મુદા નં. ૮ નો જવાબ નીચે આખરી હુકમ મુજબ ફરમાવવામાં આવે છે.

## //આખરી હુકમ//

(૧). આ કામે દાવાવાળી મીલ્કત મોજે છાપરા તાલુકા અંકલેશ્વર જી.ભરૂચ ના રેવન્યુ સર્વે નં.૧૭ જેનો જુનો સર્વેનં.૧૫ જેનુ ક્ષેત્રફળ હે.આરે.ચો.મી.૧–૧૧–૦૦ વાળી મીલ્કત પૈકીની અડધી જમીનમાં તા.૪/૬/૯૦ ના વહેંચણી કરારના આધારે વાદીનો ભાગ ઠરાવવામાં આવે છે અને પ્રતીવાદીએ અડધા ભાગની જમીનનો ખાલી, શાંત અને પ્ર ત્યક્ષ કબજો ભોગવટો આ હુકમની તારીખથી દિન–૩૦ માં વાદીને સોંપી આપવાનો હુકમ કરવામાં આવે છે.

(૨). જો પ્રતિવાદી દિન– ૩૦ માં દાવાવાળી મિલ્કત પૈકી અડધા ભાગનો ખાલી, શાંત અને પ્રત્યક્ષ કબજો, ભોગવટો વાદીને સોપી આપવામાં નિષ્ફળ જાય તો આ હુકમની અમલવારી માટે સી.પી.સી.ની કલમ– ૫૪ તેમજ સી.પી.સી.ઓર્ડર ૨૦ રૂલ– ૧ ૮ મુજબની કાર્યવાહી કરવા માટે જીલ્લા કલેકટરશ્રી ભરૂચનાઓને આ હુકમની અમલવારી માટે યાદી કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) આ કામે વાદી તથા પ્રતીવાદીને થયેલ તમામ ખર્ચ પ્રતીવાદીએ ભોગવવો.

(૪). હુકમ મુજબનું પ્રાથમીક હુકમનામુ દોરવું.

હુકમ આજ રોજ **તા.૩૧ મી, માહે :ડિસેમ્બર, સને ૨૦૨૫** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

તા. ૩૧/૧૨/૨૦૨૫
મુ.અંકલેશ્વર

**(યોગેશ નરેન્દ્રભાઈ પટેલ)**
પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ,
અંકલેશ્વર,
(કોડ નં. GJ 00664)